


ભાવાંજલિ

# રોહિત કોઠારીને શ્રદ્ધાંજલિ આપવાનું સહેલું નથી

**રોહિત શાહ**

'ગૂર્જર' પરિવાર સાથે ઘનિષ્ઠ ઘરોબો ધરાવતા રોહિત કોઠારીનું તા. 15-1-2012ના રોજ અમૃતસરના પ્રવાસ દરમિયાન એકાએક અવસાન થયું. તેઓ 'શારદા મુદ્રણાલય'ના સમર્થ સુકાની હતા. રોહિત કોઠારીને શ્રદ્ધાંજલિ આપવાનું ખૂબ અઘરું લાગે છે. કોઈને શ્રદ્ધાંજલિ આપવા બેસીએ ત્યારે એ પહેલાં, હવે એ વ્યક્તિ મૃત્યુ પામી ચૂકી છે એટલું તો સ્વીકારવું જ પડે ને ! બસ, હજી એ સ્વીકારી નથી શકાતું...

આમ જુઓ તો રોહિત કોઠારી કાંઈ મહાન સેલીબ્રેટી નહોતા, કોઈ યુગપુરુષ કે દિવ્યપુરુષ નહોતા. તેઓ કોઈ એક વિશિષ્ટ ક્ષેત્રની વિભૂતિ કે પ્રતિભા પણ નહોતા. છતાં એમની અંતિમક્રિયામાં અને એમની શોકસભા (બેસણા)માં અનેક સેલીબ્રેટી અને પ્રતિભાઓની ઉપસ્થિતિ હતી. શું હતું એનું રહસ્ય ?

એનું રહસ્ય એ હતું કે રોહિત કોઠારી સાવ સાચકલો માણસ હતો. વિચાર, વાણી અને વર્તનમાં બનાવટ કરતાં એને આવડતી જ નહોતી અને એટલે જ રોહિત કોઠારીની અંતિમયાત્રા કે શોકસભામાં આવેલા સૌકોઈની આંખમાં સાચકલી ભીનાશ હતી. કોઈ વ્યક્તિ ત્યાં ફૉર્માલિટી માટે કે આવવા ખાતર આવી નહોતી... એ તો ઠીક, કદાચ કોઈ વ્યક્તિ આવી નથી શકી તો એ બદલ એને ભારોભાર રંજ છે.





રોહિત કોઠારીની અંતિમયાત્રા કે શોકસભામાં આવેલા સૌકોઈની આંખમાં સાચકલી ભીનાશ હતી.

રોહિત કોઠારીને ચાહનારો વર્ગ આટલો વિશાળ હોવાનું કારણ એ જ છે કે, એક વખત એની નિષ્ઠા અને નિખાલસતાનો સ્વાદ ચાખ્યા પછી એને ભૂલવાનું અઘરું હતું. કોઈપણ વ્યક્તિને વહાલ કરવામાં કરકસર ન કરે અને સાચું સંભળાવી દેવામાં કોઈની કશી સાડાબારી ન રાખે. કોઈનો આદર કરવાનો હોય તોય એને આવડે અને કોઈની ઉપર આક્રોશ ઠાલવવાનો હોય તોય આવડે ! કડવું કહે ખરા, પણ કડવાશ કદી ન રાખે. આવા માણસો ધરતી પર ખૂબ ઓછા હોય છે. ઈશ્વરને (જો એ હોય તો) આવા માણસો મોટી સંખ્યામાં બનાવવાનું (જો એ બનાવતો હોય તો) પરવડે જ નહિ ને !

એક સામાન્ય પ્રસંગ કહું. શારદા મુદ્રણાલયની તેમની ઑફિસમાં અમે બેઠા હતા. તે વખતે ટપાલમાં આવેલા કોઈ કવર ઉપર ચોંટાડેલી સ્ટેમ્પ પર સિક્કો લાગેલો નહોતો. એક કર્મચારી એ ટિકિટ ઉખાડવા જતો હતો – એ ટિકિટ ફરીથી ઉપયોગમાં આવશે એમ ધારીને – ત્યાં જ રોહિત કોઠારીએ હસતાં હસતાં કહ્યું, ‘રહેવા દો, ભાઈ. આમેય આપણું ટપાલ ખાતું ખોટમાં જ ચાલે છે. એને વધારે ખોટ આવે એવું કરવાની જરૂર નથી.’

જે માણસ સરકારને છેતરવા પણ તૈયાર ન હોય એ માણસ કદી કોઈ મિત્ર-સ્વજનને કે શત્રુને છેતરી શકે એ વાતમાં માલ નથી. હા, રોહિત કોઠારીને તમે છેતરવા ઇચ્છો તો કદાચ આસાનીથી છેતરી શકો. કારણ કે એને માણસમાં ભરોસો મૂકવાની ટેવ હતી. સામેનો માણસ જૂઠો-લબાડ હોવાની છાપ જાણીતી હોય, તોય એના પ્રત્યે અવિશ્વાસ કરવાનું રોહિત કોઠારીને ન ગમે. કદાચ એ એવું માનતા હતા કે આપણો વિશ્વાસ સામેના માણસને જૂઠો મટાડીને સાચો બનાવી શકશે !

રોહિત કોઠારીની મને સૌથી ગમતી વિશેષતા આ જ હતી. એ હંમેશાં પોઝિટિવ થિંકિંગ કરનારો માણસ હતો. કોઈના વ્યક્તિત્વમાં ઉમદા – માનવતાસભર ગુણ જુએ તો તે રાજીરાજી થઈ જાય અને જો કોઈ વ્યક્તિનું સ્વાર્થી કે કપટી બિહેવિયર જુએ તો એના પ્રત્યે ગુસ્સો કે નફરત કરવાને બદલે એમ વિચારે કે એને બિચારાને કંઈક તકલીફ હશે... એને કશીક મજબૂરી હશે...

ડિસે. 2003થી અમારે સાથે રહેવાનું બન્યું. અમદાવાદમાં પંચવટી વિસ્તારના તિલકરાજ બિલ્ડિંગમાં 201 નંબરની ઑફિસ એટલે શારદા મુદ્રણાલય અને 202 નંબરની ઑફિસ એટલે ગૂર્જર પ્રકાશન. આ બંને મૂળ તો ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયનાં



## રોહિત કોઠારી

| | | |
|---|---|---|
| જન્મતારીખ | : | 15-7-1959 |
| જન્મસ્થળ | : | રાજકોટ |
| માતા | : | મંગળાબહેન |
| પિતા | : | જયંતભાઈ (જયંત કોઠારી) |
| અભ્યાસ | : | બી. કૉમ., ડી.સી.પી. |
| વ્યવસાય | : | આરંભે માહિતીખાતામાં, ત્યાંથી ડેપ્યુટ થઈને ગુજરાત સાહિત્ય અકાદમીમાં અને 1990થી ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના શારદા મુદ્રણાલયમાં |
| પત્ની | : | નીતાબહેન |
| પુત્રો | : | હરિત અને ધ્રુવ |
| ભાઈ | : | પીયૂષભાઈ, નિખિલભાઈ |
| બહેન | : | દર્શનાબહેન |

જ સંતાન ! રોહિત કોઠારી શારદા મુદ્રણાલયમાં બેસે અને હું ગૂર્જર પ્રકાશનમાં. અમારે બંનેએ હળીમળીને અમારા શેઠ મનુભાઈ જી. શાહને પજવવાનું કામ કરવાનું. જોકે હું ગૂર્જરમાં જોડાયો ત્યારે શરૂ-શરૂમાં તો મારે અને રોહિત કોઠારીને કોઈ-કોઈ બાબતે સામસામે ઉગ્ર થવાનું બનતું. પરંતુ બંને પક્ષે ઇરાદા સાફ હોવાને કારણે ઉગ્રતાને ઓગળી જતાં વાર લાગતી નહિ.

રોહિત કોઠારી સંપૂર્ણ અને ચુસ્ત શિસ્તનો માણસ. અમુક ચીજ આ જગ્યાએ મૂકવાની એટલે ત્યાં જ મૂકવાની. ગમે ત્યારે આકસ્મિક સંજોગોમાં કોઈ ચીજની જરૂર પડે તો તરત હાજર કરી શકે. એમની વ્યવસ્થાશક્તિ કાબિલે દાદ હતી. મૂળ તો પ્રિન્ટિંગનો જ કારોબાર એટલે એમાં કલાત્મક સૂઝ પણ જોઈએ અને ટૅક્નિકલ જાણકારી પણ જોઈએ. પાછળથી જરાય હેરાન ન થવું પડે એ રીતે અગાઉથી બધી ગોઠવણ કરી રાખે. ત્વરિત નિર્ણય કરવાની કોઠાસૂઝ પણ ખરી. ગુણવત્તા ન જોખમાય એની દરકાર કરીને બગડેલું કામ સુધારવાની આવડત પણ ખરી.

રોહિત કોઠારીની એક નોંધપાત્ર વાત એ હતી કે એમને ભોજન કરતી વખતે થાળીમાં એઠું મૂકવાનું પસંદ નહોતું. અમે અનેક પ્રસંગોમાં સાથે જમ્યા છીએ. પોતાની ડિશમાં જરૂર કરતાંય ઓછી જ વાનગી લે. કદાચ ન ભાવે તોપણ બગાડ ન કરવો પડે ! ખૂબ ડિસિપ્લિન જાળવીને ભોજન કરે. પોતાને માફક ન આવતી હોય એવી વાનગી પ્રત્યે ચાખવા જેટલીય લાલચ ન રાખે.

રોહિત કોઠારીને પ્રવાસ, ફોટોગ્રાફી, પોસ્ટના સ્ટેમ્પ્સ અને કોઇન્સનો ખાસ શોખ. દર વર્ષે એકાદ પ્રવાસ ફેમિલી સાથે કરી આવે જ. આવીને બીજા દિવસે કમ્પ્યુટર ઉપર એમની ફોટોગ્રાફી બતાવે. જે તે સ્થળની વિશેષતા અને ફોટાની બારીકાઈ વિશે સમજાવતા રહે. રોહિત કોઠારીને ફોટોગ્રાફીનો એવો શૉખ હતો કે જો એ શૉખને એમણે વ્યવસાયરૂપે ડેવલપ કર્યો હોત તો, એ ક્ષેત્રે એમની ઉજ્જ્વળ નામના અવશ્ય થઈ હોત. અનેક સામયિકોનાં ટાઇટલ પેજ ઉપર એમણે પાડેલી તસવીરો સ્થાન પામી ચૂકી હતી. પોસ્ટના વિવિધ સ્ટેમ્પ્સ અને ચલણી સિક્કા (કોઇન્સ)નું વૈવિધ્ય પણ એમની પાસે ઘણું. છેલ્લે છેલ્લે તો, સરકારે કોઈ યોજના અંતર્ગત દરેક વ્યક્તિને પોતાના ફોટોગ્રાફવાળા પોસ્ટલ સ્ટેમ્પ બનાવવાની વ્યવસ્થા કરી હતી, તેમાં રોહિત કોઠારીએ પોતાના પરિવારના તમામ સભ્યોના ફોટોની પોસ્ટલ સ્ટેમ્પ્સ બનાવરાવી હતી.

રોહિત કોઠારીની એક હૉબી એ પણ હતી કે, સ્વજનો-મિત્રોને પુસ્તકો ભેટ આપતા. તમને વાંચવાની રુચિ છે એ જાણવા મળે તો અવારનવાર તમને નવાં-નવાં પુસ્તકો ભેટ મળતાં જ રહે. એવુંય નહોતું કે પોતે પ્રકાશન સાથે જોડાયેલા હોવાથી એમને પુસ્તકો મફતમાં મળી જતાં હતાં. પોતે ખરીદીને સૌને પુસ્તકો ભેટ આપતા હતા. જયંત કોઠારી જેવા વિદ્વાનના પુત્ર હોવાનું એમણે અનેક રીતે, અનેક વખત અને અનેક સ્વરૂપે પુરવાર કર્યું હતું.

રોહિત કોઠારી જેવા સાચકલા માણસના આત્માને પરમ ધામમાં પરમ શાંતિ મળે એ માટે આપણે ઈશ્વરને કાંઈ કાલાવાલા થોડા કરવાના હોય ? ઈશ્વર જો આવા શુદ્ધાત્માઓને શાંતિ અને શાતા ન આપે તો સ્વયં ઈશ્વરની લાયકાત ઝાંખી પડી જાય. હું તો ઈશ્વરને ચેલેન્જ કરવાના મૂડમાં છું : બૉસ, રોહિત કોઠારીના આત્માને પરમ શાંતિ નહિ આપવા જેટલી તારામાં હિંમત હોય તો એમ કરી બતાવ ! પછી તારા ખુદના આત્માને શાતા શી રીતે મળશે ?